Join Today... Varsha Patel's
Vadodara's Best
SINCE 1995
VARIANT
COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

।। આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ।।

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષઃ ૨ • અંકઃ ૨૦ • સળંગ અંકઃ ૪૪ • ૩૧ જાન્યુ., ૨૦૨૬, શનિવાર • કુલ પાનાંઃ ૧૨ • કિંમતઃ નિઃશુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## શ્રી વાસુપૂજ્ય જિનાલયમાં ધ્વજારોહણ વિધાન







શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ, શ્રી અચલગચ્છ જૈન ભવન, જી.પી.ઓ. પાછળ, રાષ્ટ્રસંત જૈનાચાર્ય અચલ ગચ્છાધિપતિ શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજ માર્ગ, રાવપુરા, વડોદરા ખાતે દેવવિમાન સમા શોભતા ગગનચુંબી શ્રી વાસુપૂજયસ્વામી જિનાલયની ૨૯ મી સાલગીરી ધ્વજારોહણનો કાર્યક્રમ રંગેચંગે મહા સુદ ૬ ને શુક્રવાર તા. ૨૩.૧.૨૦૨૬ના રોજ ઉજવાઇ ગયો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ભાવિકોએ કાર્યક્રમમાં ભાગ લીધેલ.

આ પહેલા મહા સુદ ૨ ને સોમવાર તા. ૧૯.૧.૨૦૨૬ના રોજ શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સા.ની ૧૧૨ મી જન્મતિથિ (સં. ૧૯૬૯, દેઢિયા) નિમિત્તે શ્રી સંઘ તરફથી સમુહ સામાયિકનું આયોજન કરવામાં આવેલ જેમાં બધાએ ભાગ લીધેલ.

ત્યારબાદ મહા સુદ ૬ ને શુક્રવાર તા. ૨૩.૧.૨૦૨૬ના રોજ અચલગચ્છીય મુનીરાજ પ.પૂ. પ્રિયંકરસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ધ્વજા રોહણના વિધાનનો કાર્યક્રમ શરૂ થયો હતો.

સવારે ૧૦:૦૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજાનું આયોજન શ્રી સંઘ દ્વારા કરવામાં આવેલ. શ્રી કચ્છી જૈન મહિલા મંડળની બહેનોએ આ પૂજા ખૂબ જ ઉત્સાહપૂર્વક વિધિવિધાનથી ભણાવેલ. પૂજામાં મોટી સંખ્યામાં બહેનો-દીકરીઓની સંગે શ્રાવકોની હાજરી પણ હતી.

શુભ મુહૂર્તે સવારે ૧૧-૦૦ કલાકે શ્રી ધ્વજા રોહણના વિધાનનો કાર્યક્રમ ઉજવાયો અને સકલ સંઘની હાજરીમાં શ્રી વાસુપૂજ્ય સ્વામિના મુખ્ય શિખરની કાયમી ધ્વજાનો લાભ શ્રી ચાંપશી પદમશી શાહ પરીવાર (મે. શાહ એન્જી.) (મેરાઉ, વડોદરા), શ્રી આદિનાથ ભગવાનની માતુશ્રી ખેતબાઇ મુરજી પ્રેમજી મારૂ પરિવાર (સાભરાઇ, વડોદરા) તથા માતુશ્રી લક્ષ્મીબેન નાનજી દેવજી હરિયા પરિવાર (સાભરાઇ, વડોદરા) તથા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથની શ્રીમતિ ઉષાબેન ડુંગરશી રાયશી છેડા પરિવાર (ગામઃ ગોધરા, માટુંગા (મુંબઇ) તેનો લાભ લીધેલ. વડીલો તથા કાર્યકરોની સાથે યુવા પેઢીએ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધેલ. વિધિવિધાન માટે શ્રી અનીલભાઈ ગડા (લઠેડી) પધાર્યા હતા.

શ્રી સંઘ તરફથી વરસીતપના તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે સંઘમાં વરસીતપની આરાધના કરનાર શ્રીમતી ચંચળબેન કંચનભાઈ ગોગરી તથા શ્રીમતી દાનેશ્વરીબેન નયનભાઇ શાહ છે. અખાત્રિજના દિવસે તપની પૂર્ણાહુતિ થશે.

બપોરે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય ભક્તિનો લાભ કાયમી દાતા પરિવાર અ. સૌ. રતનબેન દેવજીભાઇ અને શ્રી દેવજીભાઇ ચાંપશી શાહ (મેરાઉ, વડોદરા) ના સ્મરણાર્થે શ્રી ધારશી નરસી ગાલા પરિવારે (લાયજા, મુંબઇ) લીધેલ. સાંજના પ્રભુજીની ખૂબ જ સુંદર આંગી-દર્શન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં આર્યરક્ષિત યુવા મંડળના કાર્યકરોએ આયોજન તથા વ્યવસ્થા જાળવવામાં સેવા આપેલ.







# શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ, વડોદરા

અહેવાલ: જ્યોતિબેન ડી. પરમાર (માનદ્‌મંત્રીશ્રી)





શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ, વડોદરા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિનના દિવસે શૈક્ષણિક ઇનામ વિતરણનો કાર્યક્રમ ૨૦૨૪-૨૫ રાખવામાં આવેલ.

એ દિવસે વહેલી સવારથી જ જ્ઞાતિજનો લુહાર જ્ઞાતિ મંડળની મહાજન વાડી તથા વિવિધલક્ષી હૉલ - મિલન હૉલ, સરદાર એસ્ટેટ, આજવા રોડ ભણી જવા તૈયાર થઇ ગયા હતા. દરેક પરિવારમાં શૈક્ષણિક ઇનામ સાથે બાળકોએ ત્યાં થનારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પર આકર્ષણ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં આદ્યદેવોની અર્ચના-આરતી બાદ રાષ્ટ્રગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. જ્ઞાતિના વડીલો તથા અન્યોનાં પ્રાસંગિક સંબોધન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત થઇ હતી. જેમાં બાળકો અને વડીલોએ પણ જુસ્સાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમોમાં તેમના દ્વારા હનુમાન ચાલીસા, દેશભક્તિ ગીતો, ગાયન, સુમધુર બાંસુરી વાદન જેવી અનેક પ્રસ્તુતિઓ થઇ હતી જે અચરજ પમાડી પમાડે તેવી હતી તેની સાથે સમાજના બાળકો શિક્ષણની સાથે વિવિધ ક્ષેત્રોમાં મહારત હાંસિલ કરી રહ્યાં છ તેની પ્રતિતિ થઇ હતી અને તેનો ગર્વ ત્યાં હાજર દરેકના ચહેરા પર જોઇ શકાતો હતો, અનુભવીએ શકાતો હતો.

ત્યારબાદ શરૂ થયેલ શૈક્ષણિક ઇનામ વિતરણ કાર્યક્રમલમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓએ તેમના ભણતર ક્ષેત્રે કરેલ પ્રગતિને કારણે ઇનામ/મેડલ પ્રાપ્ત કર્યા હતા. વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિમય રહે તેવી શુભકામનાઓ કમિટીનાં સભ્યોએ તથા નવ નિર્મિત મહિલા મંડળની બહેનો દ્વારા આપવામાં આવેલ. કાર્યક્રમની તસ્વીરી ઝલક અત્રે પ્રસ્તુત જ છે.

કાર્યક્રમનું આયોજન કમિટીનાં સભ્યો, હેતલબેન અમિતભાઇ પરમાર (પ્રમુખશ્રી)ની રાહબરી હેઠળ મહિલા મંડળની બહેનો તથા કાર્યક્રમના સૂત્રધાર પ્રમુખશ્રી જયેશભાઇ નરસિંહભાઇ પિત્રોડા તથા તેમની ટીમના યોગદાનને કારણે ખૂબ જ સફળતાપૂર્વક પાર પડેલ.

શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ, વડોદરા ઉત્તરોતર પ્રગતિ કરતું રહે તેવી શુભકામના વડીલોએ આપેલ. ભોજન બાદ બધા આજની યાદગીરીઓ સહ છુટા પડ્યા હતા.









# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરા

શ્રી ક.દ.ઓ. જૈન સમાજના માતુશ્રી તારાબેન હીરજી નાગડા પરિવાર તરફથી એક દિવસીય પાવાગઢ-ડભોઇ યાત્રા પ્રવાસનું આયોજન તેમના સુપુત્રો કમલેશભાઇ તથા ચંદ્રેશભાઇ તરફથી કરવામાં આવેલ જેમાં ૭૦ જેટલા યાત્રિકોએ ભાગ લીધેલ.

સોમવાર તા.૧૯.૧.૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ કલાકે યાત્રીકોએ બસ તથા અન્ય સાધનો સાથે પ્રયાણ કરી પ્રથમ શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સંઘના પાવાગઢની તળેટીમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયમાં દર્શન-પૂજા બાદ નવકારશી વાપરીને અચલગચ્છાધિઠાયિકા દેવી શ્રી મહાકાલીમાતાના મંદિરે પહાડ પર રોપવેમાં યાત્રા કરી માતાજીના દર્શન કર્યા બાદ તેમની ભાવના તથા રાસ-ગરબા કરી ભક્તિ રસમાં તરબોળ થયા હતા.

ત્યાંથી ફરીથી નીચે આવીને પાવાગઢના જિનાલયે ભોજન બાદ ત્યાંથી પ્રયાણ કરી બપોરે ડભોઇ પહોંચ્યા હતા. ત્યાં ૧૦૮શ્રી લોઢણ પાર્શ્વનાથ દાદા તથા ૧૦૮શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ દાદાના દર્શન કર્યા હતા.

ત્યારબાદ ડભોઇના અન્ય જિનાલયોના દર્શન કરી ચૌવિહાર બાદ લોઢણ પાર્શ્વનાથ જિનાલયમાં ભાવના-આરતી બાદ વડોદરા તરફ પ્રયાણ કરી વડોદરા પરત ફર્યા હતા.

યાત્રીકોએ દાતા પરિવારનું બહુમાન કર્યું હતું. જ્યારે દાતા પરિવાર તરફથી આ યાત્રાના આયોજનમાં મહત્વનો ભાગ ભજવનાર કિશોરભાઇ ધુલ્લા, ગુણવંતીબેન લોડાયા તથા તરૂણભાઇ નાગડાનું બહુમાન કરવામાં આવેલ.

વડોદરાના કચ્છીઓનું
'સમાજ દર્શન'ના વાચકોને જય જિનેન્દ્ર.

**RAJESH NAGDA & CO.**
CHARTERED ACCOUNTANTS

309, VICE REGAL COMPLEX, 15, PUNIT NAGAR,
NR MALHAR POINT, OPP. MAGNUS, NR CAFE CLAN, O. P. ROAD, VADODARA 390 007
M: 9375776943 | 8980645180

Rajmani 10

5BHK LUXURIOUS VILLA



*Truly a stately Lifestyle*

*Ultimate LUXURY awaits YOU*

*A stylish dream home with comfort & elegance.*

*Value added amenities*

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

RAJMANI RESIDENCY
3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle

A world of happiness created for you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd. • M.: 9375776943 | 8980645180**


# કચ્છના ગોઝારા ભૂકંપના ૨૫ વર્ષ













આજથી ૨૫ વર્ષ પહેલા ૨૬ મી જાન્યુઆરીની ફુલગુલાબી સવારના બધા ૫૨મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં વ્યસ્ત હતા ત્યારે કુદરતે ધરતીને કારમી થપાટ મારી. સવારે બરાબર ૮:૪૬મિનિટે ઘડિયાળના કાંટા સ્થિર થયા ને દેશના પશ્ચિમ ભાગમાં ઇતિહાસની સૌથી ભયાનક આફત આવી. બે મિનિટથી વધુ સમય સુધી ૭.૯ ની તીવ્રતાવાળો ધરતીકંપ થયો, જેમાં ૧૯ હજારથી વધુ લોકો માર્યા ગયા અને દોઢ લાખથી વધુ ઘાયલ થયા. આ ભૂકંપથી સૌથી વધુ પ્રભાવિત કચ્છ જિલ્લો થયો જ્યાં આશરે લગભગ દસ લાખ પરિવારો બેઘર થયા.

ભૂકંપ વખતે ગુજરાતનાં મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલ હતા. તેમની નાદુરસ્ત તબિયતને કારણે તેમના સ્થાને નરેન્દ્ર મોદી મુખ્ય મંત્રી બન્યા જેમણે આ કુદરતી આફતને અવસરમાં ફેરવીને પ્રદેશને સમૃદ્ધ બનાવવામાં લાગી ગયા. સરકાર સાથે સામાજિક સંસ્થાઓએ કચ્છની કાયાપલટ કરવાનો દઢ સંકલ્પ લીધો. બધા માનતા હતા કે કચ્છને સામાન્ય સ્થિતિમાં પાછા આવવામાં વર્ષો લાગશે પરંતુ સરકાર ને સામાજિક સંસ્થાઓના પ્રયાસોથી કચ્છને પુનઃવસન અને નવનિર્માણ કરવામાં જબરદસ્ત સફળતા મળી.

કુદરતે કચ્છને કારમી થપાટ મારી, પણ કચ્છી માડુનાં ખમીરને તોડી શકી નહીં. એ બે મિનિટ ચાલેલા ધરતીકંપને કારણે શું થયું એની કેટલીક ઘટનાઓને જોઇએ.

સૂરજબારીનો પુલ તૂટી ગયો, લાઇટ નહીં, ફોન નહીં, બહારનો કોઇ સંપર્ક નહીં. ચોતરફ વિનાશ જ વિનાશ, ઘર, દુકાન, ઓફિસ, સ્કૂલ કંઇ બચ્યું નહોતું, જીવન જાણે થંભી ગયું હતું. ભુજમાં ઉમેદ ભવન (સર્કિટ હાઉસ)ના પાયા હલી ગયા હતા, કલેક્ટર ઓફિસ પડી ગઇ, ટાઉનહોલ પણ બેસી ગયો, જનરલ હોસ્પિટલ ધરાશાયી થઇ સાથે અનેક દર્દીઓ દટાયા.

દેશમાંથી, પરદેશમાંથી ધીરેધીરે રાહત, સહાય, મદદ, માનવતા અને કરૂણાનો ધોધ વહ્યો. હજારો ઘરોનું પુનઃનિર્માણ, દરિયે નવાં બંદરો, નવી ઇન્ડસ્ટ્રીઓ આવી, નર્મદાનું પાણી આવ્યું, સફેદ રણમાં ઉત્સવો થવા માંડ્યા, માંડવીનો કિનારો શોભાયમાન થયો, રોડ-રેલ્વેની કનેક્ટિવિટી વધતાં કચ્છના ગામડાં ને શહેરોની દશા ને દિશા બંને બદલાઇ.

આજનું કચ્છ નરેન્દ્ર મોદીના વિઝનનું પરિણામ છે, તેમણે કચ્છની સિકલ બદલી તેમાં કોઇ બેમત નથી. વડાપ્રધાન વાજપેયીએ કચ્છને માટે ટેક્સ હોલીડે જાહેર કરી મોટું કામ કર્યું. ભુકંપની રાતે જ ડિફેન્સ મિનિસ્ટર જ્યોર્જ ફર્નાન્ડિઝે એરફોર્સનાં પ્લેન શરૂ કરાવી ઘાયલોને અન્ય સ્થાને શિફ્ટ કરવાનું શરૂ કર્યું.

અનેક લોકોએ માનવાતાનો દીપ પ્રગટાવી સેવાઓ આપી. એક નજર એના પર નાંખીએ.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માંડવીના સુરેશ મહેતાએ અનેક કામો કર્યા. ટેક્સ હોલીડે જાહેર થતાં ઉદ્યોગો આવ્યા સાથે અદાણી, ટાટા, પાર્લે, વેલસ્પન જેવી જાયન્ટ કંપનીઓ આવી એની પાછળ સુરેશ મહેતાની મહેનત કામ લાગી. પુનઃવસનની કામગીરીમાં અંગત રસ લઇને લોકોને નવાં મકાનો અપાવ્યાં, અમેરિકાના પૂર્વ














# કચ્છના ગોઝારા ભૂકંપના ૨૫ વર્ષ


જૂના મકાનોમાં ધર્મ સ્થાનો બનાવી નાખ્યા


નવ નિર્મિત 'ગામો'


કચ્છમાં સોલાર એનર્જી


વિશ્વ પ્રવાસનના નકશે રણોત્સવ


માંડવીનો મનોહર દરિયા કિનારો


ભૂકંપ રબારી


મુતર્ઝા લાકડાવાલા

રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન કચ્છની મુલાકાત વખતે સતત તેમની સાથે રહી અમેરિકાની અનેક સંસ્થાઓની સહાય મેળવી.

ભુજમાં રસિક ઠક્કર લોહાણા સમાજના પ્રમુખ હતા. લોહાણા સમાજના સ્મશાનના ઉપયોગ માટે પ્રમુખની મંજૂરી લેવી પડતી એવા સમયે તેમના પુત્ર રસિકભાઇ સાથે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડતા જાતે સ્મશાનમાં સતત ૧૮ દિવસ હાજર રહી સેંકડો મૃતદેહોના અંતિમસંસ્કાર કર્યા.

મૂળ માંડવીના સાંસદ અનંત દવે દિલ્હીમાં પરેડના કાર્યક્રમમાં હતા. ભૂકંપની જાણ થતાં જ નરેન્દ્ર મોદી અને એલ.કે.અડવાણી સાથે તેઓ અમદાવાદ થઇ કચ્છ પહોંચ્યા. દિવસો સુધી ભુજમાં રહ્યા ત્યારે તેમની કારને જ ઓફિસ બનાવી દીધી હતી. પીવાના પાણીની વ્યવસ્થા માટે કૂવાઓમાંથી મોટરથી પાણી કાઢવાની વ્યવસ્થા લોકો માટે કરી, લોકોના મનોબળને મજબૂત કરવા રાત્રે ભજન કીર્તનની શરૂઆત કરી,

કચ્છના લોકસભાના સાંસદ પુષ્પદાન ગઢવીએ જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે પાથરણું પાથરી હોસ્પિટલ શરૂ કરાવી. ધાર્મિક સંસ્થાઓ જેવી કે પ્રમુખસ્વામીએ તાત્કાલિક રસોડા શરૂ કરાવ્યાં. બહારથી કચ્છીઓની સાથે અનેક દેશોમાંથી ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો આવી તેમની પાસે આધુનિક સાધનો હતાં જેને કારણે લોકોને બહાર કાઢવામાં મદદરૂપ થયા. ૧૪૧ ગામો એવાં હતાં કે ફરીથી બનાવવાં પડે એ માટે પણ અનેક સંસ્થાઓ આગળ આવી. અમિતાભ બચ્ચનની જાહેરાત 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.' એ પણ અદભૂત કામ કરેલ છે.

બિપિન ભટ્ટની નિમણૂંક ભુજ શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય અધિકારી થઇ. પુન:વસનના કાર્યમાં તેમણે કરેલ કામોના યાદમાં આજે તેમના નામથી બિપિન ભટ્ટ નગર ઊભું છે. ભુજમાં મોટા રસ્તાઓને સુંદર ટાઉન પ્લાનિંગ તેમની દેન છે.

આમ, અનેક લોકોના અથાક પરિશ્રમ અને સંકલ્પથી કચ્છ એ સમયનાં દુ:ખ, દર્દ અને પીડાને પાછળ છોડી આગળ વધતું ગયું. કચ્છના અખબારોથી અનેક વાતો સામે આવી.

શરૂઆતમાં બધા ભુજના લોડાઇ ગામને એપીસેન્ટર માનતા હતા. પછી સાબિત થયું કે એપીસેન્ટર ભચાઉ તાલુકાનું ચોબારી ગામ હતું. ચોબારીમાં ૫૫૦ લોકોનાં મોત થયા. ભૂકંપની તીવ્રતા એટલી હતી કે ૨ ફૂટની દીવાલ પણ નહોતી બચી.

અહીંના રામજી મેરિયા વ્યવસાયે ખેડૂત છે સાથે વાઇલ્ડ લાઇફ તેમના શોખના વિષય છે એમની વાત કરીએ. ભૂકંપ બાદ પહેલી દિવાળીના દિવસે નરેન્દ્ર મોદી ચોબારી ગામમાં આવ્યા ત્યારે રામજીભાઇએ બાઇક લઇ નરેન્દ્ર મોદીની કારની સાથે ફરીને ચોબારીમાં જ્યાં-જ્યાં નુકસાની થઇ હતી એ દેખાડ્યું, મોદી પોતે પણ ખૂબ ભાવુક થઇ ગયા હતા. મીડિયાએ સવાલ કર્યો કે દિવાળીમાં તમે અહીં કેમ ? ત્યારે મોદી એટલું જ બોલી શક્યા કે 'આજે આખો દેશ દિવાળીના દીવા પ્રગટાવી રહ્યો છે પરંતુ આ ગામના દરેક ઘરમાં જીવનદીપ બુઝાઇ ગયો છે.'

સંઘ પ્રચારક દિલીપ દેશમુખની અનેરી સ્ટોરી છે. ભૂકંપના દિવસે તેઓ સામખિયાળી હતા. ત્યાંથી અનેક ગામોમાં થઇ સાંજે ભુજ પહોંચ્યા. અંજારમાં તેમણે સેંકડો લાશો જોઇ, લોકોમાં ભયનો માહોલ હતો. શું કરવું એ ખબર નહોતી પડતી. ધરતીકંપ બાદ બીજા દિવસે નરેન્દ્ર મોદી કચ્છ હતા. (ત્યારે એ મુખ્ય મંત્રી નહોતા.) સવારે દિલીપભાઇ મોદી સાથે હતા. ચારેક દિવસ બાદ મોદીને તેમની બાઇક પર બેસાડી ભુજમાં લોકોને મળ્યા. આનો ૨૫ વર્ષ જૂનો ફોટો તમને ઇન્ટરનેટ પર જોવા મળશે. આફ્ટર શોકની ભીતિ વચ્ચે મોદી એક કાર્યકર ઉષાબેનના ઘરના બીજે માળે એકલા રહ્યાં. બાદમાં મોદીએ નસલી વાડિયાને ફોન કરીને ભૂકંપગ્રસ્ત કચ્છીઓ માટે બ્રિટાનિયા બિસ્કિટના ૧૦ લાખ કાર્ટૂન મંગાવેલ, જે ૬ મહિના સુધી કચ્છના લોકોએ ખાધા. ચોબારી ગામ આજે પહેલાં જેવું જ બની ગયું છે પણ જૂના મકાનોમાં કોઇ રહેતું નથી, અમુક લોકોના સ્વજન મળતા નહોતા. કોઇ અંદર રહી ગયું હોય તો ? એટલે કોઇએ અહીં ફરી બાંધકામ નથી કર્યું.

અહીંના શિવગરભાઈ બાવાજીના ભત્રીજાની સાથે બીજા ભાઇની લાશો ભૂકંપના છ મહિના બાદ હોટેલના કાટમાળમાંથી મળી ત્યારે બંને કપડાંથી ઓળખાયા. એવી જ રીતે ભચુભાઇ આહિરના બે ભાણેજની લાશ ૧૪ દિવસ પછી કાટમાળમાંથી મળી ત્યારે કપડાં પરથી જ ઓળખાયા. બે મિનિટના ધરતીકંપે ચોબારીનો ઈતિહાસ અને ભૂગોળ બંને બદલી નાખ્યા.

અંજારની એક ઘટનાએ બધાને મોટો આંચકો આપ્યો હતો. યુનિફોર્મ પહેરીને હાથમાં નાનાં નાનાં તિરંગા સાથે અંજારની ૨૦ શાળાના વિદ્યાર્થીઓની રેલી જ્યારે ખત્રી ચોકમાં પહોંચી ત્યારે પ્રચંડ વિસ્ફોટ સાથે ધરતી ધણધણી ઉઠી. આસપાસ ઊભેલા એક માળથી ત્રણ માળના મકાનો ધડાધડ પડવા લાગ્યા. આખો વિસ્તાર કાટમાળમાં ફેરવાઇ ગયો અને ધરતીકંપરૂપી કાળ ૧૮૫ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોને બે જ મિનિટમાં ભરખી ગયો.

કેટલીક અવનવી ઘટનાઓ :-

અંજારની વ્હોરા કોલોનીમાં રહેતા જાહિદ અસગરઅલી લાકડાવાલાના સાસરા પક્ષનો આખો પરિવાર દટાઇ ગયો અને ૮ મહિનાનું બાળક ૩ દિવસ પછી જીવતું બહાર નીકળ્યું. આ કોઇ ચમત્કારથી કમ નહોતું. આ બાળક મુર્તુઝાને ફૂઆ અસગરઅલીએ દત્તક લઇ તેની પરવરિશ સગા દીકરાની જેમ કરી.

ભૂકંપની બરાબર પાંચ મિનિટ પછી ૮:૫૧ વાગ્યે શનિબેન રબારીએ દીકરાને જન્મ આપ્યો. બે દિવસ સુધી તો કંઇ ખાવા પણ નહોતું મળ્યું. ભૂકંપના સમયે વિદેશથી અનેક ડોક્ટરો આવ્યા હતા. તેઓ તપાસ માટે અહીં આવ્યા ત્યારે અમેરિકાના ડોક્ટરે એમ કહ્યું કે આ ભૂકંપમાં બચી ગયો છે તો આનું નામ 'ભૂકંપ' પાડી દઇએ. આમ, તેના જન્મના પાંચમા દિવસે અમેરિકન ડોક્ટરે તેનું નામ ભૂકંપ પાડ્યું હતું. આજે ભૂકંપ રબારી આજે ૨૫ વર્ષનો યુવાન છે, અત્યારે એક કંપનીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. પણ 'ભૂકંપ'ના બર્થ સર્ટિફિકેટમાં સરકારી ભૂલના કારણે તેનું નામ 'ભૂકંપ'ના બદલે 'કંપન' લખાઇ ગયું છે.

(વિવિધ વર્તમાનપત્રોમાંથી, ઇન્ટરનેટ, લોકો મુખથી આવેલ વાતોથી સાભાર)

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂ.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂ. ૧૦/– એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂ. ૩/–

જાહેરખબર મળ્યા બાદના પ્રથમ અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરાશે. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ ઉપરના ફોન પર કોઈપણ પેમેન્ટ એપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com



*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૭૯૨/- માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૩૯૬/- માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૧૯૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

### ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઈ આઈટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઈન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

**કચ્છ-અર્પણ**
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

Advt.Tariff for E Magazine
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

વડોદરાના કચ્છીઓનું
**સમાજ-દર્શન**
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,500 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

## હાર્દિક શુભેચ્છાઓ સહ...

નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309

કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા

**કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક, ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા**

સાદા ખાખરા
જીરા ખાખરા
મેથી ખાખરા
ચટપટા ખાખરા

- સાદા ખાખરા
- શુધ્ધ ઘી ખાખરા
- જીરા ખાખરા
- મેથી ખાખરા
- ખીચડી ખાખરા
- ચટપટા ખાખરા
- ડાયેટ ખાખરા
- ચકરી
- ફરસી પુરી
- જાડી સેવ

F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp., Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6



## Kala Craft

Traditional & Creative Craft Collection





## Kala Craft

5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211














- આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
- સદ્દગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
- ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.

ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઇટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.

વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલ: 9377124582 (ALL INDIA DELIVERY)


## રૂપારેલ પરિવાર તરફથી વડોદરાના કચ્છી સમાજોને હાર્દિક વધાઈઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર


કચ્છ કોઠારા- વડોદરા

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક ડૉ. મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : ડૉ. મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

# પ્રાકૃતિક વૈવિધ્ય ને પ્રવાસન વિકાસ એટલે કચ્છનું નાનું રણ




બાયોસ્ફીયરથી ટૂરિઝમ ડેસ્ટિનેશન સુધીનો પ્રવાસ કરાવતું કચ્છનું નાનું રણ એટલે કુદરત અને સંસ્કૃતિનો અનોખો સંગમ છે. કચ્છ જિલ્લાના દક્ષિણપૂર્વ ભાગમાં આવેલું નાનું રણ કચ્છના રણનો અગત્યનો ભાગ છે. કચ્છના નાના રણને પ્રાકૃતિક વૈવિધ્ય પ્રવાસન, બાયોસ્ફીયર ટૂરિઝમ ડેસ્ટિનેશન, બોટનિકલ પ્રવાસન, મીઠા ઉધોગ પ્રવાસન, નાના રણમાં આવેલા બેટોમાં ઇકો ટુરિઝમ, વાઇલ્ડ લાઇફ પ્રવાસન, ઘુડખર અભ્યારણ વગેરે વિષયોને લઇને વાગડમાં સરસ પ્રવાસન વિકસી શકે તેમ છે. કચ્છના નાના રણમાં પ્રવાસન વિકસે તો પૂર્વ કચ્છ સાથે તેને સ્પર્શતા પાંચ જિલ્લાના રણ કાંઠાના ગામડાઓમાં ગ્રામીણ પ્રવાસનને વેગ મળે, તેમનો આર્થિક વિકાસ થાય, હોમ સ્ટે જેવી સુવિધા વિકસી શકે.

કચ્છના નાના રણમાં આવેલા અનેક બેટોમાં પ્રાકૃતિક વૈવિધ્ય જોવા મળે છે. કચ્છના મોટા રણની માફક આ રણ સફેદ થતું નથી પરંતુ ભૂખરું રણ દેખાય છે. જેના કારણે મોટા રણથી નાનું રણ અલગ પડે છે. આ રણમાં કુંવારી નદીઓના પાણી સાથે કાંપ ઠલવાય છે. નાના રણમાં મીઠું ખૂબ મોટા પ્રમાણમાં પાકે છે અને આ વિસ્તાર ભારતના જંગલી ઘુડખર માટે પ્રસિદ્ધ છે. આ પ્રજાતિનું સંરક્ષણ કરવા ૧૯૭૩માં ઇન્ડિયન વાઇલ્ડ એસ સેન્ક્ચુરી **(IWAS)** સ્થપાયું, જે આશરે ૫,૦૦૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલ છે.

અહીં અનેક પ્રકારના સ્થાયી અને સ્થળાંતર કરનાર પક્ષીઓ પણ જોવા મળે છે, જેમાં સારસ ક્રેન, ડાલ્મેટિયન પેલિકન, ફ્લેમિંગો, બતક, સેન્ડગ્રેઝ, ફ્રેન્કોલીન તેમજ ભારતીય બસ્ટાર્ડ જેવા ભૂમિ પક્ષીઓ સાથે સાથે વરૂ, રણશિયાળ અને નીલગાય જેવા પ્રાણીઓનો પણ અહીં વસવાટ છે. કચ્છ બાયોસ્ફીયર રિઝર્વને ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૮માં 'કચ્છ બાયોસ્ફીયર રિઝર્વ' તરીકે ઘોષિત કર્યો હતો. બાદમાં યુનેસ્કોએ મેન એન્ડ બાયોસ્ફીયર **(MAB)** કાર્યક્રમ હેઠળ આ વિસ્તારને માન્યતા આપી. આ અનામત વિસ્તારમાં સંરક્ષણ સાથે સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવે છે. અહીંની જમીનના રક્ષણ માટે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, વન અધિનિયમ અને વન સંરક્ષણ અધિનિયમ અમલમાં છે. સરકાર જૈવિક વિવિધતા અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે ભંડોળ આપે છે.

કચ્છના નાના રણમાં પર્યાવરણ સૂકું હોવાને કારણે વનસ્પતિ મોટાભાગે ઝેરોફાઇટિક છે. બેટ તરીકે ઓળખાતા ઊંચા પ્લેટોસ્ પર લગભગ ૨૫૩ પ્રકારની ફૂલની વનસ્પતિઓ જોવા મળે છે. અંદાજ મુજબ માત્ર ૨૫૦ એકર વિસ્તારમાં ૭૦,૦૦૦થી વધુ પક્ષીઓ નિવાસ કરે છે. મીઠું રણનું જીવંત ધન છે. પ્રતિ વર્ષે ચોમાસામાં આ વિસ્તાર પાણીથી છલકાય જાય છે. પાણી ઘટતા ઓક્ટોબરથી મીઠા ઉત્પાદન શરૂ થાય છે. કામદારો ખારા પાણીને પંપ વડે ખેતરોમાં પાણી ભરીને કુદરતી રીતે બાષ્પીભવન થવા દે છે. સતત કઠોર પરિસ્થિતિમાં કામ કરવાથી તેમને હંમેશા આરોગ્ય સમસ્યાઓ ઉભી થાય છે. ૨૦૧૯થી ગુજરાત સરકારે સોલાર પાવર આધારિત પંપ વધારવાનો પ્રયાસ કરતા ખર્ચમાં આશરે એક તૃતીયાંશ ઘટાડો જોવા મળ્યો છે.

અહીંનું માછીમારી રોજગાર પણ ખૂબ જ મહત્વનું છે. મુખ્યત્વે આદુ પ્રોન (ખયફિંયક્ષફયીત ઊંફભવયક્ષતશત) માટે આ વિસ્તાર જાણીતો છે. ચોમાસામાં નાનું રણ કચ્છના અખાત સાથે જોડાઇ જાય છે, જેનાથી માછલીઓ આ વિસ્તારમાં પ્રવેશ કરે છે. ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધી ફિશિંગ સીઝન ચાલે છે. કચ્છના નાના રણમાં કામ કરતા મીઠાના કામદારોમાંથી અનેક લોકો મોસમી રીતે માછીમારો રૂપે પણ કામ કરે છે. આ પ્રથા ૧૬મી સદીથી શરૂ થઇ હતી. પેગડિયા ફિશિંગ એટલે પગથી અને હાથથી કરવામાં આવતી પરંપરાગત પદ્ધતિને અહીંના માછીમારોએ અપનાવેલ છે. ગુજરાત સરકાર હવે ત્યાં ડેમ બનાવી પાણીનો ઉપયોગ મત્સ્યઉદ્યોગ તરીકે કરવાની યોજના પર કામ કરી રહેલ છે.

કચ્છનું નાનું રણ માત્ર મીઠાનું ખેતર નથી,પણ વન્યજીવ સંરક્ષણ, સાંસ્કૃતિક વારસો, જીવંત પરંપરા અને ટકાઉ વિકાસનું મહત્વનું કેન્દ્ર છે.આ વિસ્તાર કુદરત અને માનવ મહેનતનો એક ઉમદા સંગમ માનવામાં આવે છે.

કચ્છના નાના રણમાં કુલ ૩૦ બેટો આવેલા છે. જેમાં (૧) મેંડકબેટ (૨) કેશમાળોબેટ (૩) નાંદાબેટ (૪) અંકોરીયાબેટ (૫) કારાબેટ (૬) પુંગબેટ (૭) ખીજરીયાબેટ (૮) સેડવાબેટ (૯) આકડીયાબેટ (૧૦) ધાનાબેટ (૧૧) મહારાજવાલીબેટ (૧૨) પચ્છમબેટ (૧૩) નાનીબેટ (૧૪) ખીજડીયાબેટ (૧૫) અંધારીવાનબેટ (૧૬) વચ્છરાજબેટ (૧૭) ફુલગમરાબેટ (૧૮) અચ્છેવાલોબેટ (૧૯) કાલાઢસાબેટ (૨૦) ડોગીબેટ (૨૧) નહીંલડીયાબેટ (૨૨) ધરારાબેટ (૨૩) ગનેસરીબેટ (૨૪) નાઈયાધૂનબેટ (૨૫) વારાડાંગરબેટ (૨૬) નાનાભંગારવાબેટ (૨૭) મોટાભંગારવાબેટ (૨૮) રતડીયાબેટ (૨૯) સાહેબલાનાબેટ (૩૦) જાલીલાબેટ છે.

## ફોટો બોલે છે... ૩૫

Photo & Story by
Satish Shanischara, Mandvi.
M: 9925169693



આ ફોટોગ્રાફ માત્ર એક વ્યક્તિનો નથી, પણ સંઘર્ષ અને અનુભવોથી ભરેલી એક આખી સફરનો છે. શહેરની વ્યસ્ત ગલીઓ વચ્ચેથી પસાર થતો આ વયોવૃદ્ધ ચહેરો 'સ્ટ્રીટ લાઇફ'નું સાચું પ્રતિબિંબ પાડે છે. સફેદ દાઢી અને માથે બાંધેલ સાદા સાફા જેવી પાઘડી તેમના ગૌરવશાળી વ્યક્તિત્વને ઉજાગર કરે છે.

તેમની આંખોમાં રહેલી ગંભીરતા જાણે કહી રહી છે કે તેમણે જિંદગીના કેટલાય તડકા-છાંયડા જોયા છે. ખભા પરની ધાબળી અને ગળામાં પહેરેલી માળાઓ તેમની સાદગી અને પરંપરા સાથેના જોડાણને દર્શાવે છે. આ ચહેરો એ વાતની સાક્ષી પૂરે છે કે ઉંમર ભલે વધી હોય, પણ જીવન પ્રત્યેની તેમની દૃષ્ટિઆજે પણ એટલી જ અડીખમ છે. જાણે કે તેઓ પોતાની સાથે જિંદગીના અનુભવોનું ભાથું લઇને ચાલતા હોય તેવો અહેસાસ આ તસ્વીર કરાવે છે. ગલીઓના કોલાહલ વચ્ચે શાંત જણાતો આ ચહેરો આપણને શીખ આપે છે કે સમય ભલે બદલાય, પણ અનુભવનું ભાથું હંમેશા માણસની અસલી મૂડી બનીને સાથે રહે છે.

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૮

# કચ્છનો પૂર્વ ઈતિહાસ

લેખક – ડુંગરશી ધરમશી સંપટના પુસ્તક 'કચ્છની લોકવાર્તા'માંથી સાભાર

કચ્છનું રાજ્યસિંહાસન જાણે જાડેજાવંશની જ રાહ જોઇ રહ્યું હોય તેમ કચ્છપ્રદેશની રાજ્ય લગામ એ વંશના હાથમાં આવી તે પહેલાં અહીં અનેક રાજકીય ઊથલપાથલો અને પરિવર્તનો થતાં રહ્યાં હતાં. કચ્છપ્રદેશના રાજ્યાસન પર આવી ગયેલ કોઇપણ રાજવંશીએ જાડેજાવંશ જેટલી સ્થિરતા પ્રાપ્ત કરી શક્યા નહીં. કચ્છ અને જાડેજાવંશ જાણે એકબીજા માટે જ સર્જાયાં હશે એવું કચ્છનો પૂર્વ ઇતિહાસ જોતા સ્પષ્ટપણે સિદ્ધ થાય છે.

કચ્છ એ શ્રીરામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને પાંડવો એ બધાંના પુનિત પગલાંથી પાવન બનેલી પુણ્યભૂમિ છે. એ પ્રાચીનબર્હિષના પુત્ર દશ પ્રચેતાઓ, યોગીન્દ્ર મત્સ્યેન્દ્ર, વીર લક્ષ્મણના અવતારરૂપ મનાતા મેંકણદાદા, શાહ બુખારી અને બીજા અનેક સંત-મહંતોની તપશ્ચર્યાના યોગથી પવિત્ર થયેલી તપોભૂમિ છે અને મહાન જગડુ જેવા દાનવીરેથી દીપી ઊઠેલી આ દાનભૂમિ છે.

એક સમયે કચ્છની ધરા માત્ર પશુપાલકો અને તેમના પશુધનથી જ ભરપૂર હતી. ભૌગેલિક દષ્ટિએ પણ કચ્છભૂમિ અન્ય પ્રદેશોથી નોખી છે, તેથી વર્તમાન જગતથી તે ૧-૨ સદી કદાચ પાછળ ચાલતી હોય તો તેમાં નવાઇ નથી. પરંતુ તેથી જગતના ઐતિહાસિક પટ પરથી તેની મહત્તા લેશમાત્ર પણ ઓછી થાય તેમ નથી.

મહાભારત, ભાગવત અને પુરાણોમાં પણ કચ્છનું મહત્વ કંઈ ઓછું નથી !

ભારતવર્ષના ચાર પુરાણા-પ્રસિદ્ધ મહાસરોવરોમાંનું એક નારાયણસરોવર કચ્છમાં આવેલ છે. ત્યાંથી અર્ધા કોશને અંતરે આવેલ કોટિ-લિંગેશ્વરનું તીર્થધામ કોટેશ્વર પણ છેક રામાયણ સમયનું પુરાતન તીર્થ છે.

'કોટેશ્વરમાહાત્મ્ય'માં કહ્યું છે કે રાવણે કૈલાસમાં તપશ્ચર્યા કરીને લંકામાં શિવલિંગની સ્થાપના કરવા માટે મહાદેવનું વરદાન મેળવ્યું હતું. તે તેને લઇ જતો હતો તે સમયે દેવતાઓએ એક યુક્તિ આદરી. બ્રહ્મા ગાયનું રૂપ લઇ રસ્તા પરના એક ખાડામાં પડી રહ્યા અને બીજા દેવતાઓ તેને દોરડું બાંધીને ખેંચવા લાગ્યા. હવે રાવણ જ્યારે ત્યાંથી પસાર થયો ત્યારે દેવતાઓએ મદદ માટે રાવણને આગ્રહ કરવા લાગ્યા. રાવણ પણ શિવભક્ત હતો. ગાયની દુઃખદ સ્થિતિ જોઇ તેને દયા આવી. તેણે એક હાથમાં શિવલિંગ પકડ્યું અને બીજે હાથે પેલું દોરડું ખેંચવા માંડ્યું. પણ જોર લાગ્યું નહીં ત્યારે આવેશમાં આવી શિવલિંગને જમીન પર મૂકી દીધું ને બન્ને હાથે દોરડું પકડીને બળથી ખેંચવા લાગ્યો. પછી ગાય તો બહાર નીકળી પરંતુ શિવલિંગના એકને બદલે અનેક શિવલિંગ થઇ પડ્યાં. તેમાંથી પોતાનું કયું તે ના ઓળખી શકતા વરદાન મુજબ શિવલિંગ ત્યાં જ સ્થાપાઇ ગયું ને રાવણ નિરાશ થઇ ત્યાંથી ચાલ્યો ગયો.

યાદવાસ્થળી વખતે કચ્છ 'ભોજકટ'ના નામથી ઓળખાતું હતું. એના સંબંધમાં ભાગવતમાં એવી કથા વર્ણવાયેલી છે કે વિદર્ભ દેશના ભીમક રાજાની કુંવરી રૂક્મિણીનું વાગ્દાન પ્રથમ ચેદિદેશના રાજા શિશુપાળ જોડે કરવામાં આવ્યું હતું. પરંતુ તેનો પ્રેમ દ્વારિકાપતિ શ્રીકૃષ્ણ પ્રત્યે ઢળેલો હતો. આથી જ્યારે શિશુપાળ પરણવા આવ્યો ત્યારે રૂક્મિણીએ શ્રીકૃષ્ણને ગુપ્તપત્રિકા પાઠવીને બોલાવ્યા. શ્રીકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા અને રૂક્મિણી જ્યારે મંદિરમાં દર્શન માટે ગયાં, ત્યારે શ્રીકૃષ્ણ તેમનું હરણ કરીને નાઠા. આ બનાવથી રૂક્મિણીના ભાઇરૂક્મિએ એવું પણ લીધું કે, જો રૂક્મિણીને હું પાછી તેડી ન લાવું, તો વિદર્ભ દેશનું અન્ન-જળ લઉં નહીં ને પાછો પણ નહીં ફરું. આવી પ્રતિજ્ઞા લઇ રૂક્મિ સૈન્ય સાથે શ્રીકૃષ્ણ પાછળ પડયો. લડાઇ થઇ, તેની હાર થઇ. તે પાછો વિદર્ભ દેશ ન ફરતાં, કચ્છદેશમાં રાજ્ય સ્થાપના કરી. તે સમયમાં કચ્છનું નામ 'ભોજકટ' હોવાનું જણાય છે.

યાદવાસ્થળીના સમયથી માંડીને છેક સિકંદરના આગમન સુધી કચ્છદેશનો ઇતિહાસ કાળના ગાઢ અંધારામાં ઢંકાઇ ગયેલ છે. સિકંદર કચ્છના કોઇ બંદરથી પરત ફર્યાની કિવદંતી છે. ત્યારની કચ્છની પરિસ્થિતિ જાણવા માટેની યોગ્ય સાધન-સામગ્રીને અભાવ છે, તેથી એ સમયના ઇતિહાસ પર પ્રકાશ પાડી શકાતો નથી. ત્યારબાદ કચ્છનો પરદેશો અને પરપ્રજાઓ જોડે ધાર્મિક, સામાજિક અને રાજકીય સંબંધ છે. ઘણા દેશો અને ત્યાંની પ્રજાઓના ઐતિહાસિક ગ્રંથોમાંથી આપણને કચ્છ-વિષયક અનેક વિગતો મળી આવે છે.

સિકંદરના સમય પછી ઇ.સ. પચાસથી બસો કે ત્રણસો વર્ષ દરમ્યાન મૌર્યવંશ, શુંગવંશ અને ગ્રીક સત્તા કચ્છ પર અમલ કરી ગયાના ઘણા અહવાલો-સંદર્ભો છે.

તે પછી શાલિવાહનના સમયમાં એટલે કે ઇ.સ.ના પ્રથમ સૈકામાં શક રાજાઓ માળવા, લાટ, સૌરાષ્ટ્ર અને અનૂપદેશ પર રાજ્યસત્તા ચલાવતા હતા એવું કેટલાક સિક્કાઓ ને શિલાલેખો પરથી સિદ્ધ થાય છે. આ 'અનૂપ દેશ' એ જ કચ્છ હશે તેના તેનાં પ્રમાણો પણ મળે છે.

વિક્રમાદિત્યે શકોને હરાવીને કચ્છની સત્તા પોતાના હાથમાં લીધી. ત્યારબાદ શાહવંશ, ગુપ્તવંશ તથા વલ્લભીવંશ અનુક્રમે કચ્છ પર સત્તા ધરાવતા હતા.

વલ્લભી સત્તાના અસ્ત પછી ચાવડા અને સોલંકી સત્તાનો ઉદય થયો. ચાવડા રાજા જયશિખરીએ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પર પોતાની સત્તા જમાવી હતી અને કચ્છના રણને કાંઠે પંચાસરમાં રાજ્યગાદી સ્થાપી હતી. જ્યારે ભુવડ સોલંકીએ ઇ.સ. ૬૯૬માં પંચાસર પર ચડાઇ કરીને જયશિખરીને હરાવ્યો ત્યારે કચ્છની સત્તા તેના હાથમાં આવી.

ઇસવીસનના નવમા સૈકામાં કચ્છમાં વાઘેલા, સોલંકી, ચાવડા અને કાઠીઓનો અમલ ચાલ્યો. ત્યારબાદ મોડ અને મનાઈ સિંધમાંથી ઊતરીને કચ્છ આવ્યા અને તેમણે આ બધી સત્તાઓને નબળી પાડી અને ધીમે ધીમે સમસ્ત કચ્છ પર તેમણે પોતાની સત્તા કાયમ કરી દીધી.

આમ સમગ્ર કચ્છમાં સમાવંશની સત્તાનું સ્થાપન થયા બાદ જામ પુંઅરાના મૃત્યુ પછી કચ્છ પર ફરી થોડો સમય સુધી ચાવડા અને સોલંકીની સત્તા જામવા માંડી હતી.

ત્યાર બાદ જામ ઉન્નડના વંશમાંથી લાખો અને લાખિયાર એ બે જોડિયા ભાઇઓ સિંધમાંથી ઊતરીને કચ્છમાં આવ્યા અને તેમણે લાખિયાર વિયરામાં રાજ્યગાદીની સ્થાપના કરી. આમ આ બન્ને ભાઇઓએ કચ્છ પર જાડેજા સત્તાનું બીજ રોપ્યું જે છેક સુધી ચાલ્યું.

## કચ્છી કવિતા મહેફિલ

### કચ્છી ભરત

ડોરી, કાંગરી, મોગરો, બારગરો, મુંભઈગારો;
માંજલી કે ચમકુડ઼ી, ચકર, ચોબારીઓ.

લાડુડ઼ો તે કપાઈડ઼ો, ત્રઠો હાર, બઠો હાર;
ઘિલ્લી ધરવાજો કેરી, તુલસી કીઆરીઓ.

ચોમથો ને રાઠોડ઼ીઓ, ચિલાણ ચાબુકી અને;
ઢાંકડ઼ી બુટી, જંઢી બુટી, સીર ત્રબ જોરીઓ.

એંડ઼ા 'તેજ' બેઆ કઈ, ભરત ભુલાજી વેઆ;
રિઈ સઈ કલા તેંકે, હાણેં-તાં સંભારેઓ !

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'તેજ જો અવાજ-૫'માંથી

### ધરમ રખેતો

ધરતીકંપ ટાણેં
અવાડ઼મથે મંઢલ
ગોપાલકિસનજી મૂરતી
છણંધે છણંધે
રઈ વિઈ
મૂરમેં મંઢલ
ગોંજે કંધ તેં!
'ધર્મો રક્ષતિ રક્ષતઃ !'
(ધરમ રખેતો, રખંધલ કે !)

–રવિ પેથાણી 'તિમિર', મોઃ ૯૭૨૬૮૧૦૨૮૭

### આય

મ ચોજા કેં કે ક સોખો આય,
રાજીયાણું થીંયણું જ ઓંખો આય.

પંજ પનરો ધિલાસા ભાકીં ર્યા હૂંધા,
તેં સવા વેવાર નિપટ ચોખો આય.

ખીર પાણી કે સુંઅણે મેં મો મોડ઼ો થ્યો હો,
સમજાઈયાં કીં ક અખ લગો જોંકો આય.

ભિરેંતો વિડ઼ેતો ખિલેતો રુંએતો,
સજે ગોઠ મેં ઈ હેકલો સાવ નોખો આય.

હા ના જી ખબર નાંય 'રશ્મિ' ઈતરો ચઈ સગાજે
ક... હૂં તાં રેંતા રાજી પ અજ ચડલ ઠોંટો આય.

ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ', મોઃ ૯૪૨૭૨૩૫૯૪૧

કચ્છી લોકસાહિત્ય : ‘પિરૂલી’: ૪૪

# પધમણીજે પ્રેમમેં, ચર્યો ચિત થ્યો,
# પદમણીના પ્રેમમાં (એનો) ગાંડુ ચિત્ત થયું.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા ‘સ્વપ્ન’ મો: 8320313731

ગામમાં આજે ગારૂડી આવ્યો હતો. પડછંદ શરીર, માથા પરની પાઘડીનું બહાર કાઢેલું છોગું. શણના છોડ જેવી ભરાવદાર મૂછો, ધૂળિયા રંગનાં ધોતિયા પર કમરે બાંધેલ ચામડાનો પટ્ટો, અને તેમાં લટકતા ઝૂમખામાં ચપ્પુ, દાંત ખોતરણી અને કાંટો કાઢવાનો ચીપિયો, નીલા રંગનું ખમીસ અને તેમાં લાલ દોરાથી ઠેકઠેકાણે ચિત્ર વિચિત્ર કરેલું ભરત, વધેલી નહીં પણ ખેતરમાં રહી ગયેલા નકામા ઘાસ જેવી દાઢી, ડાબા હાથમાં મોરલી ને જમણા ખભે કરંડિયો.

નજીક આવતાં જ ગારૂડીએ બધાને રામરામ કર્યા. રામ સતનો બધાએ સામેથી પ્રતિઉત્તર આપ્યો. ઓટલાની સામે જ ખભેથી કરંડિયાને નીચે મૂકી અને ઉપર મોરલીને મૂકી દીધી. એણે જણાવ્યું કે, ‘હું હમણા જ નિશાળમાં ખેલ બતાવી આવ્યો ત્યારે મને વાવડ થયાં કે મંદિરના પટાંગણમાં ડાયરો છે ત્યાં ખેલના કદરદાનો રાજી કરશે.’

ટૂંકી પણ ઘણું સૂચવી જતી વાત પર અભેસંગ મનમાં હસ્યાં અને ખેલ બતાવવાની સંમતિ પણ આપી. એટલે ગારૂડીએ મોરલીના સૂર છેડવા માંડ્યો. કરંડિયા પર હાથથી એક બે ટકોરા માર્યા ને મોરલીને તેના પર ગોળ ગોળ ફેરતા હળવેકથી ઢાંકણું ખોલતા એક ત્રાંબાવર્ણા ત્રાંસ જેવો નાગ ડોલવા માંડ્યો. જીભ વિજળીની ગતિથી અંદર બહાર થતી હતી. ચપટી વગાડતા અને આગળ ડોલાવતા ગારૂડીના હાથ પર તે વારે વારે ડસી રહ્યો. ગારૂડીએ જણાવ્યું કે આ નાગ તેણે કામરૂપ દેશમાંથી પકડ્યો છે.

પછી તેણે જાદુના ખેલ બતાવ્યાં. મોઢામાંથી લોખંડના ગોળા ને સાપ-વીંછી કાઢ્યા. હાથમાંના સિક્કાને ગાયબ કર્યો. એક ખાલી પેટીમાંથી પેંડા, જલેબી કાઢ્યા. આંખના પલકારામાં રૂપિયાની નોટને સો રૂપિયામાં ફેરવી બતાવી. છેલ્લે ગાભાને ઊભો રાખી તેના ધોતિયાને ખેંચતા તેમાંથી બે-ત્રણ કબૂતરો ઊડાઊડ કરતાં ગારૂડીના ખભે બેસી ગયાં. આ જોઇ બધા ખૂબ હસ્યાં, ગાભો જરા ભોંઠો પડયો પણ ગારૂડીએ જાદૂઇ પેટીમાંથી કાઢેલો પેંડો તેને આપ્યો કે તે રાજી થતો પોતાના સ્થાને બેસી ગયો. બધા ગારૂડીને યથાશક્તિ પૈસા આપવા માડ્યાં.

હવે પચાણભાઇ બોલ્યા, સુણો...

[૧]પધમણીજે પ્રેમમેં, ચર્યો ચિંત થ્યો,
[૨]કરમી ઉત્તમ [૩]કુડ઼ [૪]મિંજા, [૫]નીચું [૬]ઉતરી [૭]વ્યો.
ઘણે મુલક [૮]ઘુમીઘુમી, [૯]પચ્છમ [૧૦]પટતેં [૧૧]પ્યો.
[૧૨]લગ઼ી [૧૩]કંધજી [૧૪]લઠ નેં, [૧૫]ડાક [૧૬]વજાઇંધો [૧૭]વ્યો.

[૧]પિરૂલીની નાયિકા, [૨]પિરૂલીનો નાયક, [૩]કૂળ કે વંશ, [૪]માંથી, [૫]નીચે તરફ કે પતન તરફ, [૬]સંસ્કાર છોડવા, [૭]ગયો, [૮]ફરીફરીને, [૯]પશ્ચિમ, [૧૦]પ્રદેશમાં, [૧૧]ગયો, [૧૨]લાગી, [૧૩]ગરદન, [૧૪]લાકડી, [૧૫]ડુગડુગિયું, [૧૬]વગાડતો, [૧૭]ગયો.

ઉપરોક્ત એક ઐતિહાસિક પિરૂલી છે. તેનો સર્જક કોણ છે તે જાણવા મળતું નથી, પણ તે ભેરિયા ગારૂડી અને ભુજંગ નાગ તેમજ ‘ભુજીયા’ ડુંગર સાથે સંકળાયેલી કથા-વાર્તા આ પિરૂલીમાં છે. ભેરિયો જેસલમેરના ભટ્ટીવંશનો રાજકુમાર હતો. મોરલી વગાડવાના અને ગારૂડીના અનહદ શોખને કારણ તેના પિતાએ તેનો દેશ નિકાલ કર્યો હતો. ચાલતો ચાલતો તે પચ્છમ પહોંચ્યોં ત્યારે એક શિલા પર તે આરામ કરતો હતો ત્યારે શિલા નીચેથી અવાજ સાંભળી તેણે જોયું તો અંદર એક યોગી શિષ્યોને વિદ્યા શીખવી રહ્યાં હતાં. તેણે શિલાને હતી તેમજ રાખીને તે કાન દઇ બધું સાંભળવા લાગ્યો. ગુરૂ જ્યારે પરીક્ષા લેવા માંડ્યાં ત્યારે કોઇએ જવાબ ન આવતા તેણે યોગી પાસે જઇ સાચા જવાબ આપી ખુશ કર્યાં. બદલામાં યોગીએ તેને અનેક બીજી મેલી વિદ્યાઓ શીખવાડી. પછી તે સગઇ સંઘારને મળ્યો ને બન્નેને પ્રેમ થઇ ગયો. સગઇ નાગ જ્ઞાતિની કન્યા હતી તે ‘પચ્છમની પદ્મિની’ તરીકે ખ્યાતનામ હતી. તેણે શરત મૂકી હતી કે મારવાડના મંગિયા ભુજંગને પકડી લાવ તો હું તારી સાથે લગ્ન કરું.

આ વાત કબૂલ કરી ભેરિયો બધે ભટકવા માંડ્યો. એક દિવસ તેને મંગિયા ભુજંગનો રાફડો મળી જતા તેણે સતત મોરલી વગાડી નાગને બહાર કાઢ્યો. નાગે ખુશ થઇ તેને કંઇક માંગવાનું કહ્યું ત્યારે ભેરિયાએ તેને નાથવાની માગણી કરી. ભંગિયો જાણી ગયો કે આ ભેરિયો ગારૂડી છે. તકનો લાભ લઇ તે નાઠો. ભેરિયો તેની પાછળ પડ્યો. ભાગતાં ભાગતાં મંગિયાએ પોતાના ગુરૂ પાસે શરણ લીધું. ગુરૂએ તેને યુક્તિ બતાવી કે ભેરિયો દરિયો ઓળંગી આ બાજુ આવશે એટલે તેની વિદ્યાનો પ્રભાવ ઘટશે અને તે જોઇ ન શકે ત્યાં ડંસ મારીશ તે મરણ પામશે. ગુરૂની આજ્ઞાનુસાર તે નાગની બંદર (હાલનું જામનગર) ઓળંગી ભુજિયા ડુંગર પર પહોંચ્યો. બન્ને વચ્ચે હવે થોડું જ અંતર બાકી હતું. ત્યારે ભેરિયાની વાટમાં તે એક સુંદર લાકડી જેવો વેશ કાઢી પડી રહ્યો. ભેરિયાએ સુંદર લાકડી જોતાં તેને ઉપાડી ને ખભા પર ગોઠવી કે નાગે ગરદનના પાછળના ભાગે દંશ માર્યો. ભેરિયાને સઘળું સમજાયું પણ બહુ મોડું થઇ ગયું હતું. ભૂપત વંશના આ ગારૂડી રાજકુમારે ત્યાં જ પ્રાણ ત્યાગ કર્યાં. આજે પણ ગારૂડી લોકો લાકડી અવળી પકડે છે.

વાત પૂરી થયાનો સંકેત સમજી અભેસંગે કહ્યું, ‘કરમી ઉત્તમ કુડ઼ મિંજા, નીચું ઉતરી વ્યો.’ તે કથન ભેરિયો રાજકુમારમાંથી ગારૂડી બની ગયાની વાતનું રહસ્ય છતું કરે છે, જ્યારે ‘ડાક વજાઇંધો વ્યો’ જેવા રૂઢિપ્રયોગ પ્રયોજીને લોકકવિએ ભેરિયાની વિદાયની વાત કરી છે.

સંધ્યા ખિલી ઉઠી હતી. ગારૂડી માટે જમવાનું સામત સાથે મોકલવાની વાત કરી અભેસંગે કાંભ છોડી કે સહુ ઊઠી જવાનો સંકેત સમજી ‘જય ભીમનાથ’ના નારા સાથે ઘેર જવા ઊપડ્યા.

પુસ્તક ‘પિરૂલી પ્રધાનજી-૨’માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-‘તેજ’

**કવિના પુસ્તક ‘તેજ જો અવાજ -૨’ માંથી**

જીં કિટલ કાતી,
મિયાન કે ખાયતી;
તીં સડ઼લ વૃતિ ‘તેજ’,
જાન કે ખાયતી !

## કચ્છી ચોવક – ૪૨

અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



### ઘોડ઼ે ગડોડ઼ે જો ફેર.

અજ પુતરા ડાડાજી કે ચ્યોં અજ હિકડ઼ો માડુ ચેં તે ઇનમેં ત "ઘોડ઼ે ગડોડ઼ે જો ફેર" આય.
ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં માડુ મિડ઼ે સરખા નતા વેં બ ભા વેં તેં મેં પણ ફેર વે હિકડ઼ો લાટ ગુણીયલ વે નેં બ્યો નિપટ ઇનીંયા ઊંધો વે ઇતરે કોય બ માડુએં જે ગુણ જી ગાલ જી પુછા કરે તડેં માડુ ઇનીજે ગુણ અવગુણ જી ચુરચુરી કરે કનાં કચ્છી મેં ઇન ચૉવક જો ઉપજોગ કરે નેં ટૂંકે મેં પતાય ડીં નેં ચેં
"ઘોડ઼ે ગડોડ઼ે જો ફેર આય"
ઇતરે પુછંધલ સમજી વિએ.

## अज जी चोवक - ४४

### मों में ग़टो नें मथे तें ठॉलो (ढूंभो)

:: ભાવાર્થ ::

**અપમાનભર્યું જીવન.**

**મોઢામાં કોળિયું હોય ત્યારે જો કોઈ માનસિક આઘાત દે તો એ કોળિયું ગળે ક્યાંથી ઉતરે ? ઘરની વહૂ કે ઘરડાં મા-બાપ માટે ખાસ આ કહેવત છે, જ્યારે એમનું માન ન જળવાતું હોય.**

:: શબ્દાર્થ ::

ગટો : કોળિયું, ઠૉલો : મહેણું-ટોણું

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી
અજ જી ચોવક – ૪૪
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# તાજ હોટેલ નિર્માણ, કારણો ને ભવ્યતા !



તાજ હોટેલને બનાવવામાં લગભગ ૧૪ વર્ષ લાગ્યા અને વર્ષ ૧૯૦૨માં તે તૈયાર થઇ હતી અને તેને મહેમાનો માટે વર્ષ ૧૯૦૩માં ખોલવામાં આવી હતી. તાજ હોટેલ તેનો પાયો જમશેદજી ટાટાએ નાખ્યો હતો. વર્ષ ૧૮૮૯માં ટાટા ગ્રૂપના સ્થાપક જમશેદજી ટાટાએ અચાનક જાહેરાત કરી કે તેઓ બોમ્બે (હવે મુંબઇ)માં એક ભવ્ય હોટેલ બનાવવા જઇ રહ્યા છે.

જ્યારે જમશેદજી ટાટાએ તાજ હોટેલ મુંબઈના નિર્માણની જાહેરાત કરી ત્યારે તેમના પરિવારમાં ખૂબ વૈચારિક વિરોધ થયો હતો. જાણે તેમના ભાગલા પડી ગયા હતા. ટાટાની બહેનોએ જ તેમનો વિરોધ શરૂ કર્યો. લેખક હરીશ ભટ્ટના લખાયેલ એક પુસ્તક ‘ટાટા સ્ટોરીઝ’માં જણાવ્યા મુજબ તેઓ લખે છે કે જમશેદજી ટાટાના એક બહેને ગુજરાતીમાં તેમને કહ્યું, ‘તમે બેંગ્લોરમાં સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ બનાવી રહ્યા છો, લોખંડની ફેક્ટરીઓ લગાવો છો અને હવે તમે જઇ રહ્યા છો રેસ્ટોરન્ટ ખોલવા ?’

શરૂઆતમાં જ્યારે આ હોટેલ બનાવવાનો નિર્ણય થયો ત્યારે બોમ્બેમાં ભવ્ય હોટેલ બનાવવાનો વિચાર જમશેદજી ટાટાના મનમાં નહોતો આવ્યો, પરંતુ તેની પાછળ એક ખાસ વાત અને બદલાની ભાવના વધારે હતી. તે દિવસોમાં, બોમ્બેના કાલાઘોડા વિસ્તારમાં આવેલી વોટસન હોટેલ સૌથી વધુ પ્રખ્યાત હતી, પરંતુ ત્યાં ફક્ત ગોરાઓને એટલે કે યુરોપિયનોને જ પ્રવેશ આપવામાં આવતો હતો. એકવાર જમશેદજી ટાટા ત્યાં પહોંચ્યા તો તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો કારણ કે તેઓ યુરોપિયન ન હતા. આ વાત તેના હૃદયમાં ખૂબ જ ચોંટી ગઇ હતી.

આ સિવાય તે દિવસોમાં બોમ્બેમાં એક પણ હોટેલ નહોતી જે યુરોપ કે પશ્ચિમી દેશોની સ્ટાઇલ સાથે સ્પર્ધા કરી શકે. આ પુસ્તકમાં જણાવ્યા મુજબ જમશેદજી ટાટા અવારનવાર અમેરિકા, યુરોપ અને પશ્ચિમી દેશોમાં જતા અને ત્યાંની હોટલ અને અન્ય સુવિધાઓ તેમણે જોઇ હતી અને અનુભવી પણ હતી. વર્ષ ૧૮૬૫માં ‘સેટરડે રિવ્યૂ’ નામક અખબારમાં એક લેખ છપાયો હતો, જેમાં હેડિંગ હતું, ‘બોમ્બેને તેના નામ જેટલી સારી હોટેલ ક્યારે મળશે ?’ આ વાત ટાટાના હૃદયને પણ સ્પર્શી ગઇ હતી.

જમશેદજી ટાટા તાજ હોટેલ માટે સામાન ખરીદવા વિશ્વના ખૂણે ખૂણે ફર્યા. લંડનથી બર્લિન સુધીના બધી બજારોની શોધખોળ કરી. તાજ હોટેલ એ ભારતની પ્રથમ હોટેલ હતી જેણે રૂમને ઠંડો રાખવા માટે પોતાનો કાર્બન ડાયોક્સાઇડ આઇસ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપિત કર્યો હતો. હોટલ માટેની લિફ્ટ જર્મનીથી લાવવામાં આવી હતી, જ્યારે ઘણું ફર્નિચર અમેરિકાથી લાવ્યા હતા. હોલના બોલરૂમમાં જે કોતરણીવાળા થાંભલા લગાવવાના હતા તે પેરિસથી આવ્યા હતા.


તે દિવસોમાં તાજ હોટલની કુલ કિંમત ૨૬ લાખ રૂપિયા સુધી પહોંચી ગઇ હતી. (જ્યારે સોનાનો ૧૦ ગ્રામનો ભાવ આશરે ૧૬-૨૦ રૂા. હતો ?) એ વર્ષમાં હજી તો રાઇટ બ્રધર્સ વિશ્વને પોતાના વિમાનની શોધ દેખાડી રહ્યા હતા ! તાજ હોટેલની શરૂઆત થઇ ત્યારે રૂમનું ભાડું ૬ રૂા. પ્રતિ દિવસ રાખવામાં આવ્યું હતું. તે લગભગ અન્ય હોટેલો સમાન જ હતું. પરંતુ પહેલા દિવસે માત્ર ૧૭ મહેમાનો જ હોટલ પહોંચ્યા હતા. આગામી થોડા દિવસો સુધી સ્થિતિ લગભગ એવી જ રહી. તાજ હોટલના ખર્ચે જમશેદજી માટે આર્થિક સંકટ ઉભું કર્યું. કેટલાક લોકો તેને જમશેદજીનો ‘સફેદ હાથી’ પણ કહેવા લાગ્યા.

કવોરા પર અલ્પેશ પરમારના આર્ટીકલ પરથી

## જાણો ને અપનાવો...

# રસોડામાં કીડીઓથી છુટકારો






તમારા રસોડામાં કીડીઓ હંમેશા નાનકડા છ પગવાળા વિલન તરીકે હોય છે. થોડી જાણકારી તથા યોગ્ય સાધનો સાથે આ અનિચ્છનીય મહેમાનોને ઘરની બહાર કાઢવાનો રસ્તો ગોતીએ.

તમારા રસોડા, લિવિંગ રૂમ, બાથરૂમ, વરંડાને તમે કીડીઓથી મુક્ત કરી શકો છો.

સૌ પ્રથમ કીડીઓ તમારા ઘરમાં કેવી રીતે પ્રવેશ કરે છે? તે જોઇએ. એક કીડીની ‘રાણી’ તમારા ઘરમાં સર્ચ કરે અને પછી તેના અનુયાયીઓને આક્રમણ કરવાનો આદેશ આપે છે એમ કહેવાય છે પરંતુ વાસ્તવિકમાં આવું નથી.

કીટકશાસ્ત્રી મુજબ કીડીઓ ખાવાનું શોધે છે, પછી તેઓ પગદંડી બનાવે છે એમ કહી શકાય. ઘણીવાર એવું પણ બને છે કે ઘરની બહાર પૂર, વધુ ઠંડી કે ખોરાક ન મળવાને કારણે તે ઘરમાં આવી શકે છે.

કીડીઓ દિવાલોની તિરાડો, ગાબડા કે કોઇ કાણાં દ્વારા ઘરની અંદર ઘુસે છે પછી ખોરાક સંગ્રહની જગ્યા બનાવે છે. કીડીઓ ઝડપથી અને શાંતિથી તમારા ઘરમાં ઘૂસી શકે છે. મોટાભાગની કીડીઓ ફક્ત એક ઉપદ્રવ સમસ્યા છે જે ખોરાક લઇને ફરીથી બહાર ભાગી જાય છે.

કીડીઓની ૧૫,૦૦૦ થી વધુ જાણીતી પ્રજાતિઓ વિશ્વભરમાં છે. જો ઘરમાં ખોરાક, પાણી અને આશ્રયસ્થાન હશે તો કીડીઓ ચોક્કસ થશે. મોટાભાગની કીડીઓને ખાંડયુક્ત ખોરાક ગમે છે. સામાન્ય રીતે ઉનાળાના અંતમાં તેઓ કાર્બોહાઇડ્રેટ્સ માટે ખોરાક શોધે છે કેમ કે ત્યારે તેઓ ઘણા બધા ઇંડા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરી રહી હોય છે.

તમારા ઘરમાં કીડીઓથી કેવી રીતે છુટકારો મેળવવા પ્રથમ તો તમે ગોતો કે કીડીઓ શું ખાઇ રહી છે, પછી તે ખોરાકનો સ્ત્રોત દૂર કરો. પછી કીડીઓના અવરજવરના રસ્તાઓને સાફ કરો. સાબુવાળા હૂંફાળા ગરમ પાણીનો ઉપયોગ સૌથી સારો છે.

કીડીઓ ઘરમાં ક્યાંથી પ્રવેશ કરે છે તેને અનુસરીને તે છિદ્રોને તમે પેટ્રોલિયમ જેલીથી બંધ કરી શકો છો. ત્યાં તમે બજારમાં મળતી ક્રેઝી લાઇન વિગેરેનો ઉપયોગ કરી શકો છો.


કીડીઓથી છુટકારો મેળવવા માટે એક ઉપાય તરીકે બોરિક પાવડરની સાથે બેકીંગ સોડા તથા દળેલી ખાંડનું મિશ્રણ છાંટવાથી કીડીઓ સમયાંતરે દૂર થાય છે.

જો કીડીઓના વધારે મોટા ટોળા ઇમારતની અંદર માળો બનાવી રહી હોય તો નિષ્ણાતની મદદ લો.

ડીશ સોપ, સરકો અને બેકિંગ સોડાથી બનેલા સોલ્યુશન્સ કીડીઓ પર છાંટવાથી તે તેમના ફેરોમોન ટ્રેઇલને દૂર કરશે, જેનાથી તેમને રસ્તો શોધવાનું મુશ્કેલ બનશે, પરંતુ તે બારીઓ અને દરવાજાઓમાં છિદ્રો કે ગાબડાઓ દ્વારા અંદર આવી શકે તેમ છે.

તમને ક્યારેય કીડીની સમસ્યા ન થાય તે શક્ય છે ? તમે તમારા ઘરને રેગ્યુલર પેસ્ટ કન્ટ્રોલ કરાવો તો કદાચ શક્ય છે. પરંતુ વધુ પડતું આવું કાર્ય તમરા સ્વાસ્થય માટે સારું નથી.

માનવી અને કીડીના લાંબા ગાળાના યુદ્ધમાં, કીડીઓ હંમેશા જીતી જશે. તમે ક્યારેય તમારા ઘરમાં ઘુસતી બધી કીડીઓથી છુટકારો મેળવી શકશો નહીં.



# આગળા ઊઘડયા

(શ્રી કૌશિકજીની હિંદી વાર્તાને આધારે)

'કાકા, મને લેલગાડી લાવી આપછો ?' રજનીકાકા ઑફિસેથી ઘેર આવ્યા કે તરત જ સુભાષે કહ્યું.

'પણ તારે રેલગાડી શું કામ જોઇએ છે ?'

'એમાં બેછીને આપણે બૌ દૂલ જઇછું. હું જઇછ, બાને લઈ જઇછ. પપ્પાને નહિ લઇ જાઉં. તેઓ મને મોટર નથી લાવી આપતા. તમે લાવી આપછો તો તમને લઇ જઇછ.'

'તારી કાકીને નહિ લઇ જાય ?'

સુભાષે થોડી વાર સુધી કાકીના મોં સામે જોયા કર્યું. કાકી તે વખતે ચિડાયેલા મૂડમાં હતાં. તે બોલ્યો, 'કાકીને નહિ લઈ જાઉં ?' બળતામાં ઘી હોમાયું.

'તારી સાથે આવવા કોણ નવરું છે ? તું તારે તારા કાકાને લઇ જજે.' કાકી ખિજાઈને બોલ્યાં.

'કાકીને લઇ જવાની કેમ ના પાડે છે ?'

'કાકી મને રમાડતાં નથી, ખિજાયા જ કરે છે.'

'રમાડશે તો લઇ જઇશ ?'

કાકીના મુખ પરના ભાવ જોઇ સુભાષને શ્રદ્ધા નો'તી બેસતી તોયે એણે કાકાને ખુશ કરવા હા પાડી.

'લે, આને જરા વહાલ કર,' સુભાષને કાકાના ખોળામાં બેસાડી કાકા બોલ્યા.

'મારે એને નથી રમાડવો, તમ તમારે આખો દિવસ એને લાડ લડાવ્યા કરજો.' સુભાષને ખોળામાંથી નીચે પછાડી કાકી છણકો કરી બાજુના ઓરડામાં ચાલ્યાં ગયાં.

ચાર વર્ષના સુભાષના શરીરને તો ખાસ વાગ્યું નહિ, પણ એના નાજુક હૃદયને સખત આઘાત લાગ્યો. એ ધ્રુસકે ધ્રૂસકે રડવા લાગ્યો.

રજનીકાકા ખિસિયાણા પડી ગયા. એમણે કાલે જ રેલગાડી લાવી આપવાનું વચન આપી સુભાષને શાંત કર્યો.

'તારું આવું વર્તન મને ગમ્યું નહિ.'

'પારકા ધનથી તે કાંઇ ઘર ભરાતું હશે? મારા દુઃખની તમને ક્યાં પડી છે ? પૂજા-પાઠ કરીએ, બાધા-આખડી રાખીએ. પણ તમારે ક્યાં એ બધું કરવું છે ?' રડું રડું થતાં કાકી બોલ્યાં.

'એ બધામાં મને વિશ્વાસ નથી. નસીબમાં નહિ હોય તે ક્યાંથી મળે ? આ બાળકો આપણાં જ છે ને !'

'તો પછી કોઇપણ વસ્તુની પ્રાપ્તિ માટે પ્રયત્ન જ શા માટે કરવાનો ? નસીબે હાથ દઈને બેસી રહેવાનું, એમ જ ને !'

સુભાષ અને સુરભી રમી રહ્યાં હતાં. બંને બાળકોનો કિલ્લોલ ઘણીવાર કાકીના માતૃહૃદયના તારને ઝણઝણાવી ઊઠતો. અત્યારે પણ બંને બાળકોને રમતાં જોઇ એમનું હૈયું હરખાઈ રહ્યું હતું. અચાનક સુરભી દોડતી દોડતી કાકીના ખોળામાં આવીને પડી. એની પાછળ સુભાષ આવ્યો. કાકીનું હૈયું હાથમાં રહ્યું નહિ. એમણે બંનેને છાતી સરસાં ચાંપી ચૂમીઓથી નવડાવી દીધાં. બાળકો પણ ખિલખિલાટ હસી રહ્યાં હતાં. જાણે આ જ એમની મા છે !

'સુભાષ, લે આ રેલગાડી. અમને બધાને મુંબઇ લઇ જવાના છે હોં કે !' કહેતાક કાકા એમની પાસે આવ્યા.

'છુક... છુક....છુક...' બંને પાછાં રમતમાં તન્મય બની ગયાં.

'તને હમણાં હમણાં વહાલ કરતી જોઇ મને ખૂબ આનંદ થયો.'

'મને કાંઈ વહાલ કરવાની પડી નથી ! એ બધું તમને સોંપ્યું. મારા જીવને તો કોઇ વાતનું સુખ જ નથી.' આ સાંભળી રજની તો સ્તબ્ધ થઈ ગયો.

'કાકી, મને આવો પતંગ મંગાવી આપો ને ? ખૂબ ઊંચે ચડાવીછ.' આકાશ તરફ આંગળી કરી સુભાષ વિનવી રહ્યો હતો.

'ચલ હઠ અહીંથી.' કાકીએ ચિડાઇને એને દૂર તો કર્યો પણ બાળકની નિર્દોષતાએ એમનું હૃદય પાછું પીગળ્યું. સુભાષને વહાલ કરવાની એમને ઇચ્છા થઇ આવી.

'ત્યાં તો તમે મને પતંગ નહીં મંગાવી આપો તો કાકા પાસે તમને મરાવીછ.' સુભાષથી સહજ બોલાઇ ગયું.

'આ ચાર વરસનો છોકરો મને ધમકી આપે ! એ જ અમારી તકરારનું મૂળ છે...' ફરી કાકીના હૃદયમાં રોષ ભભૂકી ઊઠયો.

તે જ ક્ષણે સુભાષ કપાઇને આવેલી પતંગને પકડવા ચીલઝડપે છાપરા પર દોડ્યો. તેવામાં એનો પગ સરક્યો.

એણે બૂમ પાડી, 'કાકી...!'

ક્ષણવાર કાકીના પગ જાણે કો'કે પકડી રાખ્યા. 'મરવા દે... કાટલું જાય !' પણ બીજી જ ક્ષણે તેઓ દોડયાં. પરંતુ એક ક્ષણનું મોડું થઇ ગયું. સુભાષને ન પકડી શકાયો.

અને હેબતાઈ ગયેલ કાકી પણ ધબ દઇ નીચે પડ્યાં.

'પતંગ... સુભાષ... ઇશ્વર... મને માફ કર...' કાકી બેભાન અવસ્થામાં બબડ્યા કરતાં હતાં.

'સુભાષને કેમ છે ? એને મારી સામે લઇ આવો ને !' હોશમાં આવતાં જ કાકી બોલ્યાં.

રજનીએ ધીમે રહીને સુભાષને કાકીની બાજુમાં સુવાડ્યો, અને માતૃવાત્સલ્યના ઓઘ આડેના બધા જ આગળા ઊઘડી ગયા !

'છેવટે તારી બાધા-આખડી ફળી !' મુન્નાને ધવડાવી રહેલ કાકીને ઉદ્દેશી રજની બોલ્યો.

'હું તો કહેતી જ હતી, પણ તમે ક્યાં માનતા'તા ?'

ત્યાં તો 'મુન્નાને ખોળામાં આપો.' કરતોક સુભાષ દોડી આવ્યો. એને જોઇ કાકીની આંખમાંથી અમી વરસી રહ્યું. એકદમ એને બાથમાં લઇ છલકાતી આંખે કાકી કહી રહ્યાં, 'મન્નાને તો મારો આ બકલો લઇ આવ્યો છે !'



## ચલતે... ચલતે...

એક ગધેડો વાઘને કહેઃ 'ઘાસ ભૂરું હોય છે.'

વાઘ કહેઃ 'ના, ઘાસ તો લીલું હોય છે.'

આ ચર્ચા ખૂબ જ ઉગ્ર થતાં આ પ્રશ્નના નિરાકરણ માટે બન્નેએ જંગલના રાજા સિંહની મધ્યસ્થી લેવાનું ઠરાવ્યું. સિંહની પાસે પહોંચતાં જ ગધેડાએ બરાડા પાડીને કહ્યું: 'મહારાજ, એ સાચું છે ને કે ઘાસ ભૂરું હોય છે?'

સિંહ કહેઃ 'હા, બરાબર છે, ઘાસ ભૂરું જ હોય છે.'

પછી તો ગધેડો સિંહની નજીક ધસી જઈને કહેઃ 'જુઓને, આ વાઘ મારી વાત માનતો નથી ને મારી ઈર્ષા કરે છે. મહેરબાની કરીને એને સજા આપો.'

વનરાજે વાઘને પાંચ વર્ષ સુધી મુંગા રહેવાની સજા ફરમાવી. આ સાંભળીને ગધેડો ખુશીથી ઊછળીને 'ઘાસ ભૂરું હોય છે !' એમ બોલતો બોલતો ત્યાંથી રવાના થઈ ગયો.

આ બાજુ સજાનો સ્વીકાર કરીને પોતાની રજૂઆત કરતાં વાઘ કહેઃ 'મહારાજ, તમે મને શા માટે સજા કરી, ઘાસ તો લીલું જ હોય છે ને !'

સિંહ કહેઃ 'હા, ઘાસ લીલું જ હોય છે. અહીં એ પ્રશ્ન મહત્ત્વનો નહોતો કે ઘાસ લીલું કે હોય છે કે ભૂરું. મેં તને સજા એટલા માટે કરી કે તારા જેવા બહાદુર અને બુદ્ધિશાળી પ્રાણીએ ગધેડા સાથે દલીલબાજી કરીને સમય બગાડ્યો ને એની મધ્યસ્થી માટે વળી પાછા મારી પાસે ચાલ્યા આવ્યા !'

લવિંગઃ જેમને તથ્ય ને સત્ય સાથે કશી જ લેવાદેવા ન હોય એમની સાથે દલીલબાજીમાં ઊતરાય નહીં. અજ્ઞાની લોકોના બરાડા કરતાં સમજદાર લોકોની ચુપકીદી વધુ બોલતી હોય છે.


વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
ને



નિયમિત રૂપે
આપના
મોબાઈલ
પર મેળવવા
અહીં ક્લિક કરો